# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૩ | ૧૪-૦૬-૨૦૦૮ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : શીરીષ પરીખ**

બ્લોસમ કાર્ડ - ૮૮-ઈ ખાડીલકર રોડ,

૪, નારાયણવાડી બિલ્ડીંગ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

ટે.(ઓ.) : ૨૩૮૬ ૦૦૨૯ / ૨૩૮૨ ૫૦૨૫

(ઘર) : ૬૫૦૬ ૯૮૦૬ (મોબાઈલ) : ૯૮૬૯૧૬૩૩૦૫

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# આપણે સારા ? ક્યાં સુધી ?

**તંત્રી સ્થાનેથી**

*સવારે પપ્પા મમ્મીને મળવા ગયો હતો. મમ્મી એકલી હતી મેં પુછયું પપ્પા ક્યાં ? તો કહે જેલમાં ગયા છે. બીજું કોઈ હોય તો ચોંકી ઉઠે કેમ જેલમાં ? શું થયું ? કેવી રીતે વગેરે વગેરે પણ અમારા માટે આ સહજ બાબત છે. પપ્પા અઠવાડિયામાં ત્રણેક વખત ભાયખલા જેલમાં કેદીઓ સાથે, જેલર સાથે અને અન્ય સ્ટાફ સાથે સ્વાધ્યાય કરવા જાય છે. કેદીઓ હવે સવાર સાંજ પ્રાર્થના કરીને જ જમે છે અને સમુહમાં પ્રાર્થના કરે છે. જેલમાંથી છુટીને પોતાના ગામ કે પોતાની વસાહતમાં કે ગલીમાં પણ પ્રાર્થના કરાવવાનું અને સ્વાધ્યાયની વાતો વધુ લોકોને કહેવાનું વચન પણ આ કેદીઓ આપે છે. ઘણા લોકોના જીવન બદલાયા છે. બોમ્બે સેન્ટ્રલ ઉપર એક કુલી પપ્પાને જોઈને તરત આવીને પગે લાગ્યો ને બોલ્યો સાહેબ તમે કીધું, તું ને હવે હું સુધરી ગયો છું. હમાલી કરીને પેટ ભરુ છું. બીજા એક કેદીયે ચોરી ચપાટી છોડીને ટ્રક ડ્રાઈવરનો વ્યવસાય અપનાવી લીધો છે. ગામમાંથી ભાગી આવેલા બાર વર્ષના છોકરાને રીમાન્ડ હોમમાંથી છોડાવીને જાતે ટ્રેનમાં બેસાડીને માબાપની પાસે મોકલ્યો ત્યારે માબાપના દિલની ખુશીનો પાર નહોતો. જેલના જેલર અને બીજા ઈન્સપેક્ટરો પણ સ્વાધ્યાય કરીને મનની શાંતિ મેળવે છે. એમની અને કેદીઓ વચ્ચેનો વહેવાર પણ સુધર્યો છે. કેદીઓને પણ પોતાના માબાપ ભાઈ બહેનો યાદ આવે છે અને પોતાના કૃત્ય બદલ પસ્તાવો થાય છે. માનો એકનો એક છોકરો હોવા છતાં માંદી મા પાસે જઈ નથી શકાતું એનો અફસોસ વ્યક્ત થાય છે.*

*વાત આજે પપ્પાની પ્રવૃત્તિની નહી આ પરિસ્થિતિના શિકાર માણસોની કરવી છે. સુખી ઘરના લોકો આપણે ઘરના દિવાનખાનામાં એસીમાં ચા*

નાસ્તા કરતાં કરતાં સમાજના આવા લોકોને વખોડી એ છીએ. ચોર લુટારા ડાકુ કહીએ છીએ. છાપામાં સમાચાર આવે કે ફલાણી સ્ત્રીએ એના દારૂડીયા પતિનું માથુ ફોડી નાખીને હત્યા કરી. બાર વર્ષનો છોકરો પાકીટ મારતાં, ચોરી કરતાં પકડાયો. પોતાનીજ દુકાનમાંથી નોકરે રૂા. ૫૦૦૦ની ચોરી કરી. સારા ઘરનાં બે છોકરાઓ ગામથી ભાગીને મુંબઈ આવી ચોરી કરતાં પકડાયા. અને આવા સમાચારો વાંચીને આપણને એ બધા માટે નફરતની લાગણી થાય. સાથે સાથે આપણી સારાઈ પર અભિમાન થાય આપણે કેટલા સારા સંસ્કારી લોકો છીએ. પેલી સ્ત્રીનો હાથ કેમ ચાલ્યો હશે પતિની હત્યા કરતાં ? પણ તમારો પતિ કમાતો ના હોય, રોજ દારૂ પીને તમારી કમાણી પણ છીનવી લેતો હોય, ઘરમાં છોકરાઓને ખાવા પીવાના પણ સાંસા હોય અને પતિ ઘરમાં દારૂ પીને મારપીટ કરતો હોય ત્યારે તમે પણ એ પતિની હત્યા કરી શકો. આપણે એવું વિચારી નથી શકતાં કારણકે આપણે એ પરિસ્થિતીમાંથી પસાર નથી થયા કે એવી પરિસ્થિતિમાં મુકાવાનો વિચાર પણ નથી કર્યો. નોકરી ન મળતી હોય બે ત્રણ દિવસ ખાવા પીવાનું ના મળ્યું હોય તો પાપી પેટ ચોરી કરાવે એમાં એ છોકરાનો નહી એની પરિસ્થિતીનો વાંક છે. ગામમાં ભણવાનું કે નોકરીનું ઠેકાણું ન પડતું હોય અને કોક મિત્ર શહેર જઈને કમાયો હોય તો એના આકર્ષણે ગામ છોડીને શહેરમાં આવીને વસનાર અને પછી ઠોકરો ખાઈને આડે રસ્તે ચઢી જનાર છોકરાઓ પણ પરિસ્થિતિના શિકાર હોય છે. ઘરમાં બૈરી, મા કે છોકરો બિમાર હોય ટૂંકા પગાર માંથી પુરુ ન થતું હોય, દવાના પૈસા પણ ન હોય અને શેઠ એડવાન્સ આપવાની ના પાડતા હોયતો નોકર ચોરી કરે એમાં વાંક પેલા શેઠનો અને પરિસ્થિતિનો છે. પણ આપણે સૌ આવા લોકોને વખોડીએ છીએ. તિરસ્કાર કરીએ છીએ. હા ! ઘણા અઠંગ ગુનેગારો હોય છે. પણ એ સફરમાં પહેલી ભુલ પછી સુધરવાનો મોકો ન મળ્યો હોય અથવાતો એક ભુલ કર્યા પછી કંલંકના લેબલ સાથે સમાજ સ્વીકારવા તૈયાર ન થયો હોય એવું બને.

આપણે કોઈની પણ ટીકા કે તીરસ્કાર કરતાં પહેલાં વિચારવું જોઈએ કે આપણે એ પરિસ્થિતિમાં શું કરત. બધીજ સુખ સગવડ ધરાવતાં આપણે સૌ મફત ગીફ્ટ માટે સહકુટુંબ મિત્ર મંડળ સહીત પહોંચી જતાં હોઈએ તો મફત વહેંચાતા પાઉંવડા માટે ભિખારીઓ ઝપાઝપી કરે એમાં એમનો વાંક કેટલો ? ઘરાકોને ખુલ્લે આમ લુંટતા આપણે, ટેક્ષની ચોરી કરતાં આપણે, ઘરના કે દુકાનના નોકરનું શોષણ કરતાં આપણે, દવાના ખોટા બીલો બનાવી મેડીકલેમના પૈસા લેતા આપણે, પગારના ખોટા દાખલા બનાવીને રાહત લેતા આપણે, પેલા સો બસોની ચોરી કરતાં છોકરાને કે માની માંદગી માટે પાંચ હજારની ચોરી કરતાં માણસને કેવી રીતે વખોડી શકીએ ? હા એક જ પરિસ્થિતિમાં બે વ્યક્તિ અલગ અલગ રીતે વર્તી શકે ખરી પણ એના માટે એ બે વ્યક્તિઓનો ઉછેર એના સંસ્કારો એની વિચાર સરણી અને એને મળેલા વાતાવરણ જુદા હોઈ શકે. આપણા બાળકોના ઉછેરમાં પણ જોઈએ છીએ વધુ પડતાં વઢતા મારતાં મા બાપોના છોકરાઓ જુઠ્ઠુ બોલતાં શીખી જાય છે. છોકરાઓની સામાન્ય માગણીઓ પુરી ન થાય તો ચોરી કરતાં પણ શીખે છે. જરૂર છે સંસ્કારો આપવાની, સમજણ આપવાની ગુનેગારોની વિષમ પરિસ્થિતિ સમજાવવાની અને એવી વિષમ પરિસ્થિતિમાં પણ સંસ્કારો ગુમાવીને આડા રસ્તા અપનાવે નહી એની સમજ આપવાની . જો ગુનેગારો ને સુધારી શકાતા હોય તો આપણે કે આપણા સંતાનો પણ વિષમ પરિસ્થિતિમાં તટસ્થ રહેતાં શીખી જ શકીએ બાકી પોતાની સારાઈનું અભિમાન એ લોકો જ કરી શકે જે વિષમમાં વિષમ પરિસ્થિતિમાં પણ સારા રહી શકયા હોય. બાકી સાનુકુળ પરિસ્થિતિમાં અને ઉચ્ચ સમાજના સુરક્ષિત વાતાવરણમાં સારા રહેવુ અને સારા ગણાવું સહેલું છે અને ત્યાંથી બેસીને બીજાની ટીકાઓ કરવાનું કે કોઈનો તિરસ્કાર કરવાનું આનાથી પણ વધુ સહેલું છે.

❒ **નિખિલ બાબુલાલ પરીખ**

# મોમ...તૂ કિતની અચ્છી હૈ, તૂ કિતની પ્યારી હૈ...

❒ પંકજ કે શાહ.

'ધ મોસ્ટ બ્યુટિફૂલ વર્ડ ઓન ધ લિપ્સ ઓફ ધ મેનકાઈન્ડ ઈઝ મધર'- એક ઉમદા ફિલોસોફરે બહુજ સુંદર વાત કહી છે કે મનુષ્યના હોઠ ઉપર આવતો સૌથી સુંદર શબ્દ હોય તો તે 'મા' છે.

ધરા ઉપર જન્મ લેતા પ્રત્યેક જીવના મુખમાંથી સૌ પ્રથમ નીકળતો શબ્દ તે 'મા' આપણી મા-મીઠ્ઠી, મધુરી, વ્હાલી, પ્યારી, દુલારી. બાળક યુવાન બને અને પોતાના પગ ઉપર ઉભો રહેવા શક્તિમાન બને ત્યાં સુધી, તેનું સર્વસ્વ તે 'મા'.

મા નો ખોળો એટલે હિમાલય જેવી શીતળતાનો સાક્ષાત્કાર. મા એટલે સંપુર્ણ પ્રોટેકશન. જીવન સંગ્રામના તોફાની વરસાદમાં રેઈનકોટની ગરજ સારે તે મા. માનું સાનિધ્ય એટલે દુનિયાની સૌથી વિશાળ છત્રછાયા. મધર એટલેજ પિલ્ગ્રીમેજ.

હે 'મા'. તુજમાં, હેત, વ્હાલ, પ્યાર અને ઉર્મિઓના ધોધને હૃદય માંથી સલામ. અમને ખબર છે કે ઈશ્વરે જ્યારે આ વિશ્વનું સર્જન કર્યુ ત્યારે જરૂર વિચાર્યુ હશે કે બાળકને જન્મ આપી, તેનું લાલન-પાલન કરી, ઉછેર કરવો ખૂબ જ અઘરૂ કામ છે. તેથી જ પ્રભુએ 'મા'નું સર્જન કર્યુ છે. ઈશ્વરની સૌથી શ્રેષ્ઠ કલાકૃતિ એટલે નારીમાં રહેલી માતૃત્વની ઝંખનાં.

પ્રસવની પીડા બહુ જ પીડાદાયક હશે પણ સાથે એટલી મધુર પણ હશે જ. અસહ્ય પીડા ભોગવી એક નૂતન જીવને જન્મ આપી, જતનથી તેને ઉછેરી મોટો કરનાર 'મા' ના ઉપકાર સંસારની કોઈ ચીજ થી કદી મુલવી ન શકાય. 'મા'ના હૃદયમાંથી સતત નીતરતા પ્રેમનું કદી મૂલ્યાંકન ન થઈ શકે.

આવી માતા માટે પ્રેમ તો સંતાનના હૃદયમાંથી ટપકે. લોક લાજ કે દુનિયાના ડરથી એ કદી પેદા ન થાય. મા કદાચ અભણ હોય, તેનામાં કદાચ આવડત ઓછી હોય, પહેરવેશ પણ લઘર-વઘર હોય, કાલી-ઘેલી બોલીમાં વાત કરતી હોય, છતાં મા તે મા જ છે. કોઈ કવિએ સાચે જ કહયું છે કે 'જનનીની જોડ, સખી નહીં જડે રે લોલ.'

જેનું હૃદય પોતાના સંતાનો માટે હંમેશ ધબકતું રહે, જેની આંખો પોતાના બાળકોને નિરખવા હરહંમેશ અધીરી રહે અને જેનું મન પોતાના લાડકાઓને મળવા કાયમ વ્યાકુળ રહે તે મા. કહેનારે ખૂબ જ સાચુ કહયું છે. 'મા તે મા. બાકી બધા વગડાના વા.'

દરેકના હૃદયમાં 'મા' માટે લાગણી, પ્રેમ તો હોય જ. પણ આજની વિપરીત પરિસ્થિતિમાં અને જીવનના બદલાતા જતા માહોલ વચ્ચે એ લાગણી નંદવાઈ ન જાય એનું ધ્યાન પ્રત્યેક વ્યક્તિએ સતત રાખવું પડે છે. અને કદાચ એટલે જ દુનિયાના વિવિધ દેશોમાં 'મધર્સ-ડે'ની શાનદાર રીતે ઉજવણી થાય છે. અમેરિકામાં મે મહિનાનો બીજો રવિવાર 'મધર્સ-ડે' તરીકે ઉજવાય છે.

આ વર્ષે તા. ૧૧-૫-૦૮ ના રોજ અમેરિકામાં 'મધર્સ-ડે'ની શાનદાર ઉજવણી થઈ ત્યારે જ અહી એક સમાચાર પત્રમાં વાંચ્યુ 'માતા એ પોતાના દીકરાને જન્મ બાદ નવજીવન પણ બક્ષ્યું' એ સમાચાર વાંચી ધન્યતા અનુભવી. બારમા ધોરણમાં ભણતા એક બાળકની બંને કિડની સંકોચાઈ જવાથી આખી જિંદગી ડાયાલિસીસ કરાવવું પડે એવી પરિસ્થિતિ સર્જાઈ. ૪૫ વર્ષની માતાએ પોતાની કિડની આપી, પોતાના

બાળકની જિંદગી બચાવી લીધી. આ બાળકને જ્યારે માતા માટે પુછવામાં આવ્યું ત્યારે તેને કહયું કે 'એને મન એની માતા એક એવી વિશેષ નારી છે, જેણે માત્ર જન્મ જ નથી આપ્યો પણ જીવનનો નવો અર્થ આપ્યો છે.' મારા માટે દરેક દિવસ મધર્સ-ડે અને ફાધર્સ-ડે છે. અને જ્યારે તેની માતાને પુછવામાં આવ્યું ત્યારે માતાએ કહયું કે 'આ તો મેં મારી ફરજ બજાવી છે. બાળકોના સુખમાં પણ આપણે ભાગીદાર અને એના દુઃખના પણ આપણે સાથી.'

ખરેખર આપણા દેશમાં સબંધોની એક અનેરી મીઠાશ છે. અહીં મા-બાપ અને સંતાનોના સબંધોમાં પોતીકાપણાનો અહેસાસ છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવનની વસંતમાં બાળકો મા-બાપની આંખ નું નુર બનીને રહે છે અને માબાપને જ્યારે જીવન અસ્ત થવાનો આભાસ લાકડી બનીને રહે છે. સલામ આ સંસ્કૃતિને અને સલામ આ ભાવનાને. વડીલોના આશીર્વાદ એ આ દેશની સૌથી મોટી સંપત્તિ છે.

સમાચાર પત્રમાં આવેલો પ્રસંગ વાંચતા-વાંચતા શાળા જીવનમાં ભણેલી કેટલીક પંકિતઓ યાદ આવી ગઈ 'ભૂલો ભલે સઘળું, પણ કદિ ન ભૂલશો મા-બાપને. અસંખ્ય છે ઉપકાર એના, કદિ ગણ્યા ગણાશે નહિ. અસહ્ય વેઠી વેદના ત્યારે ઉજાસ ભર્યો છે, મુજ જીવનમાં. એ પુનિતજનનાં કાળજાં પથ્થર બની કદી છૂંદશો નહીં.

આપણે ખૂબજ કટોકટી ભર્યા યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ. એકહાથે આપો અને બીજા હાથે લો- એવા સમયના એંધાણ વર્તાઈ રહ્યા છે. વર્તમાન યુગમાં સંજોગોને આધિન કોઈ દિકરો પોતાની વૃદ્ધ માતાને ટેકો નથી બની શકતો, ત્યારે એના હૃદયની મનોવ્યથા વ્યક્ત કરતું આ કાવ્ય વાંચતા વાંચતા આંખની પાંપણો ભીની થઈ જાય છે.

પિતા જ્યારે હોતા નથી અને મા,
વધારે વૃદ્ધ થતી જાય છે ત્યારે એની,
આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છે.
'આ પુત્ર મને સાચવશે ખરો ?'
પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર
નથી આવતો.
જેણે મને ફૂલની જેમ સાચવ્યો,
જે મારાં પગલાં પાછળ પાછળ અધ્ધર ટીંગાઈ રહેતી
હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી,
આ એ જ મા
જે મીઠા હાલરડાંના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી,
આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઊઠે છે-
પણ બોલતી નથી.
એના ધ્રુજતા હાથમાંથી વારેવારે એક શંકા છટકી જાય છે,
કે દીકરાનો હાથ એને દગો દેશે તો ?
હું એને ટેકો આપી શકે એવું કશું જ કહી નથી શકતો.
ફકત
મને મારા હાથ
કાપી નાખવાનું મન થાય છે.

આપણે 'મધર્સ-ડે' ઉજવીએ કે ન ઉજવીએ પણ આ દેશમાં પ્રેમ અને શ્રધ્ધાથી મા દુર્ગા...મા લક્ષ્મી...અને મા સરસ્વતી તેમજ જેને, જે દેવીમાં શ્રધ્ધા હોય તેની આરાધના હરહંમેશ થાય છે. અહીં 'મા'ની ચરણરજ લીધા બાદ જ દરેક શુભકાર્યની શરૂઆત થાય છે. એટલે આપણા દેશમાં મા ની મહત્તા હરહંમેશ રહેવાની જ છે.

હમણાં મે મહિનામાં જ 'ચિત્રલેખા પર્સન ઓફ ધ યર-૨૦૦૭' એવોર્ડ સમારંભ હતો. આ વર્ષનો એવોર્ડ શ્રી મુકેશ અંબાણીને એનાયત થયો હતો. ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્રભાઈના હસ્તે આ એવોર્ડ સ્વીકારતા શ્રી મુકેશભાઈ બોલ્યા

'આ મારા માટે ખૂબ યાદગાર ક્ષણ છે. ઘર

આંગણે પોતાના લોકો તરફથી સન્માન મેળવવાનો અનુભવ મારે મન અત્યંત ભાવુક છે. મારા માટે વિશેષ આનંદની વાત એ છે કે આજે મારી માતા આ સમારંભમાં હાજર છે. થેન્ક યુ મમ્મી...!'

આ છે આપણા સમાજની આપણા દેશની પરંપરા. વ્યક્તિએ પોતે મેળવેલી સફળતાની સિધ્ધીઓ ભલે આકાશની બુલંદી સુધી પહોંચી હોય પણ તેનું શ્રેય તો મા-બાપ જ છે. એ હકીકત આ દેશમાં સૌ કોઈ સ્વીકારે છે.

દિવાર સિનેમાનો એક સીન વાગોળવો ખૂબ જ ગમે છે. એન્ગ્રી યંગમેન અમિતાભ અને પોલિસ ઈન્સ્પેકટર શશીકપૂર વચ્ચે 'મા'ની મહત્તા દર્શાવતા ડાયલોગ સહુને ગમે એવા છે. દિવારનો વિજય તેના ભાઈને કહે છે 'આટલા વર્ષોની મહેનત બાદ તે શું મેળવ્યું ? જો મારી પાસે ગાડી છે. બંગલો છે. સંપત્તિ છે અને બેંક બેલેન્સ છે. મારી પાસે એશોઆરામ, વૈભવ અને ધનદૌલત છે. મારુ મોટુ નામ છે. જ્યારે તારી પાસે આ ખાખી પહેરવેશ અને પ્રમાણીકતાના બે-ચાર ચાંદ સિવાય છે શું ? ત્યારે શશીકપૂર જવાબ આપે છે 'ભાઈ, મારી પાસે મા છે, પણ ભૌતિક સુખો પાછળ તને આ વાત નહી સમજાય.'

સાચે જ 'મા'નું મુલ્ય જે સમજે છે તેને મન 'માતા' અમુલ્ય છે. એટલે જ સારે જહાંસે અચ્છી મોમ...તૂ કિતની અચ્છી હૈ, તૂ કિતની પ્યારી હૈ....

✚ ✚ ✚ ✚ ✚

## અંત-વાણી

- શિકારીઓનું નિશાન બનતા ગીરના સાવજોને બચાવવા માટે અમુકને મધ્યપ્રદેશના જંગલમાં ફેરવવાની વાત ચાલે છે અને એને શેર-બજારની ભાષામાં શું કહેવાય જાણો છો ?

'શેર - ટ્રાન્સફર'

## અધુરો

તું છે તો હું છું
તારા વગર અધુરો છું
ચંચળ મન સતાવે છે,
દ્રઢ મનોબળ માગું છુ
મુખડું જોવા તરસું છું
નયનોની પ્યાસ છીપાવું છું
નથી ધરાતું ચિતડું મારું,
સ્વપ્નમાંય તને ઝંખુ છું
જન્મો જનમની પ્યાસ મારી,
છતાંય જાતી તું રિસાઈ
સતાવવાની આ રીત તારી,
ચિત્તને કોઠે ગયું પડી
ઘડીમાં હસતો, ઘડીમાં રિસાતો
નિત રોજ નવા નખરાં કરતો
તારા વગર હું 'અધુરો'
જગથી અધિક તું, શ્રીજી વ્હાલો

❒ *'ચાંદશા', ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## દવા

દવાની આ દુનિયામાં, માનવી ફસાયો.
ગોળ ગોળ, લાંબી લાંબી ગોળીમાં અટવાયો.
શું કરું ? ના કરું ?
જીવનની આ બાજીમાં હસતા રડતા હાર્યો.
ડોકટરની આ માયા જાળમાં ઉંઘતો અટવાયો.
વૈદ્યોના ઓસડીયામાં શ્રધ્ધા ગુમાવી
હારી થાકીને ગાડી લંબાવી
શ્રધ્ધા ની બાજીમાં, કેમ તું મુંઝાયો ?
કર્મની ગતીને, સમજી વિચારી લે
ઈશ આંગણીએ, શીશ નમાવી લે.

❒ *સરલાબેન દેસાઈ - (દેડકી)*

# બધિરોને  સાંભળતા કરીએ

કાનને આપણે કર્ણ અને સાંભળવાની ક્રિયાને શ્રવણ કહીએ છીએ. પૌરાણિક કથાઓમાં કર્ણ અને શ્રવણ બંને વિશિષ્ટ વ્યક્તિઓ આપવાની ભાવનાનાં દ્યોતક છે.

શ્રવણ શક્તિ આપણને ઘણું બધું આપે છે. હેલન કેલરનાં શબ્દોમાં કહીએ તો મૂક-બધિર હોવું એ અંધ હોવા કરતાં પણ મોટી પંગુતા છે. દૃષ્ટિ ના હોય તો વસ્તુઓ સાથેનો સંપર્ક તૂટી જાય છે. પણ બધિરતા હોય તો લોકો સાથેનો સંપર્ક તૂટી જાય છે.

ઉંઘતું બાળક ઓચિંતુ રડવા માંડે અને માનો અવાજ સંભળાય કે બાળક છાનું રહી જાય. ઘરમાં વાતચીત ચાલતી હોય અને આંખ બંધ કરીને આડી પડેલી વ્યક્તિ હુંકારો આપે ત્યારે ખબર પડે કે તેઓ પણ વાતચીતમાં સહભાગી છે. આમ શ્રવણ શક્તિ વ્યક્તિમાં સલામતી અને સહભાગી થવાની લાગણી નિર્માણ કરે છે.

જે વ્યક્તિ સાંભળી નથી શકતી, તે બોલી પણ નથી શક્તી. પરિણામે બમણી પંગુતા ભોગવે છે.

બાળક બોલતું ન હોય તેનું મુખ્ય કારણ શ્રવણ શક્તિની ખામી હોઈ શકે. આ શ્રવણશક્તિની ખામીનું વેળાસર નિદાન થાય તો એનો ઈલાજ પણ યોગ્ય સમયે થઈ શકે છે. એમાં જેટલું મોડું કરવામાં આવે તેટલો બાળકનો વિકાસ મોડો થાય. આ બંને મહત્વના મુદ્દાને સમાજમાં જાગૃત કરવાની પહેલ દેવાંગી દલાલ અને અપૂર્વ દવેએ પોતાનાં પુસ્તક 'ચાલો બધિરોને સાંભળતા કરીએ' માં કરી છે.

પોતાનું બાળક સાંભળતું નથી અને તે આખી જિંદગી આ ખામી સાથે કેવી રીતે જીવશે એવો વિચાર માત્ર માતા પિતાને કંપારી લાવનારો છે. પણ શ્રવણશક્તિની ખામીનું ચોક્કસાઈ પૂર્ણ નિદાન અને એની અસરકારક સારવારનાં વિકલ્પો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

બાળક જન્મ્યા પછી તરત બોલતું નથી. પહેલાં નવ-દસ મહિના સુધી તે આજુબાજુના અવાજો સાંભળે અને પછી બોલવાનું શરૂ કરે. શરૂઆતમાં માત્ર અલગ અલગ અવાજ કરે પછી એક કે બે અક્ષર બોલે, પછી શબ્દો બોલે ને બે અઢી વર્ષનું થાય ત્યાં સુધીમાં વાક્યો બોલે.

સાંભળવાની ક્રિયા ફક્ત એક સેકન્ડની છે. પણ તેનો માર્ગ મોટો છે. બહારના કાનમાંથી પ્રવેશતો અવાજ પોલાણમાંથી મધ્ય કાન સુધી પહોંચે છે. ત્યાં કાનનો પડદો તથા ત્રણ નાની હાડકીઓ હોય છે. ધ્વનિ તરંગો આ નાની હાડકીઓને કંપન આપે છે. તેના લીધે આંતરિક કાનના કોક્લીઆની અંદરનું પ્રવાહી હલે છે. ગોકળગાયના આકારના કોક્લીઆની અંદરની હજારો બારીક રૂંવાટીઓ પ્રવાહી હલવાથી ઝંકૃત થાય છે અને શ્રવણ માટેનાં જ્ઞાન તંતુઓને વીજસંકેતો મોકલે છે. આ જ્ઞાનતંતુઓ એ સંકેતોને મગજ સુધી પહોંચાડે છે. જ્યાં સુધી જ્ઞાનતંતુઓ કામ કરતા હોય ત્યાં સુધી માણસ સાંભળી શકે છે.

શ્રવણ શક્તિ માં ખામી બાહ્ય કર્ણ ન હોય, કાનમાં મેલ હોય, પડદો ફાટી ગયો હોય, ગળામાં ઈન્ફેકશન હોય, હાડકીઓ સડી ગઈ હોય કે ચોંટી ગઈ હોય તેથી હોઈ શકે. વળી કોક્લીઆની રૂંવાટીઓને મોટી ઉંમર, વારસો, બિમારી, કે પ્રચંડ મોટા અવાજને લીધે નુકશાન થાય ત્યારે સાંભળવાની તકલીફ થાય છે.

નુકશાન ઓછા પ્રમાણમાં હોય તો શ્રવણયંત્ર કામ આવે પણ વધારે નુકસાન થાય ત્યારે 'કોક્લીઅર ઈમ્પ્લાન્ટ'ની મદદ લેવામાં આવે છે.

સાંભળવાની તકલીફ નાના મોટાં સૌને હોય

છે. જો જન્મથી બાળકને શ્રવણશક્તિની ખામી હોય તો શ્રવણયંત્ર બેસાડવામાં વિલંબ ન કરવો. કારણકે શ્રવણયંત્ર બેસાડવાથી જ બાળક સાંભળી શકશે અને સાંભળશે તો જ બોલી શકશે. બોલવાનું શીખવા માટે જન્મથી પાંચ વર્ષ સુધીનો સમયગાળો શ્રેષ્ઠ હોય છે.

શ્રવણયંત્રમાં સંભળાતો અવાજ સામાન્ય અવાજ કરતાં અલગ હોય છે. છતાં બાળકને તાલીમ આપીને સ્પષ્ટ ઉચ્ચારો શિખવાડી શકાય. શ્રવણયંત્ર પહેરનાર બાળકને ભાષાથી પૂરતા પ્રમાણમાં પરિચિત કરાવ્યા બાદ સ્પીચથેરપી શરૂ કરાવવી જોઈએ. તેનો ઉદેશ માત્ર સ્પષ્ટ શબ્દો બોલાવવાના નહિ. પણ અર્થસભર વાક્યો બોલાવવાનો છે. શ્રવણયંત્ર પહેરવાથી વ્યક્તિને સામાન્ય જીવન જીવવામાં મદદ મળે છે.

શ્રવણયંત્ર પહેરનાર વ્યક્તિની સામે બરાડા પાડીને બોલવાનો અર્થ નથી. તે માણસની તકલીફ દર વખતે ઉંચા અવાજની હોતી નથી. શ્રવણયંત્ર પહેરનાર વ્યક્તિ સાથે ધીમેધીમે પણ સ્પષ્ટ અવાજમાં બોલવું. આજુબાજુ ઘોંઘાટ હોય ત્યારે પહેલાં હાથ અડાડીને તેનું ધ્યાન ખેંચવું અને પછી બોલવું.

શ્રવણશક્તિની ખામી ધરાવતી વ્યકતિએ સાંભળવા માટે ઘણી એકાગ્રતા રાખવી પડે છે. તેનાં લીધે તેઓ થાકી જાય છે. આધુનિક તંત્રજ્ઞાનની દેન જેવાં ડિજિટલ શ્રવણ યંત્રો શ્રવણશક્તિ સુધારવા માટે આશિર્વાદ સમાન બની જાય છે.

આંખે બરાબર દેખાતું ન હોય ત્યારે ચશ્મા પહેરીએ છીએ. તે જ રીતે કાને બરાબર સંભળાય નહિ તો શ્રવણયંત્ર પહેરીએ. એ બંને સ્થિતમાં કોઈજ ફરક નથી.

શરીરની એક ખામી બાળકોનાં વર્તનની અનેક સમસ્યાઓ ઉભી કરે છે. એ ખામીને દૂર કરવાથી એક પંથ દો કાજ ની જેમ બધી તકલીફો દૂર થાય છે. ઓછું સાંભળતાં બાળકો માટે કાંઈ જ અશક્ય નથી. ફરક માત્ર એટલો જ કે તેનાં માતાપિતાએ તેની પાછળ ઘણી મહેનત કરવી પડે છે.

આ બાળકો સામાન્ય બાળક કરતાં બધી જ ક્રિયામાં ૨-૩ વર્ષ પાછળ હોય છે. એટલે તેમની પાસે સામાન્ય બાળક જેવી અપેક્ષા રાખી તેમની સાથે ક્યારેય ન સરખાવો. આવા બાળકો પ્રત્યે સ્વમાન અને સમાન વ્યવહાર રાખવો જોઈએ. આવા બધિર બાળકોને સમયસર શ્રવણયંત્ર તથા યોગ્ય સારવાર મળે તો કોઈનાં ઓશિયાળા નથી રહેતા. તેઓને સામાન્ય માણસ પાસેથી દયા નહિ, પણ માનવીય વ્યવહારની અપેક્ષા હોય છે.

નાનું બાળક તોતડું બોલતું હોય તો આપણે પણ તેવું ન બોલવું. આપણે સ્પષ્ટ ઉચ્ચાર કરીશું તો બાળક પણ સ્પષ્ટ ઉચ્ચાર શીખશે. નાના બાળકમાં ગ્રહણ શક્તિ, અનુસરણશક્તિ તેજ હોય છે. નાનપણમાં કાલીઘેલી બોલી સારી લાગે. પણ તે બાળક મોટું થયા બાદ તેનાં સમગ્ર વ્યક્તિત્વને નુકશાન કરે છે.

બાળઉછેર એ એક કળા છે. બાળક જ્યારે શારીરિક કે માનસિક ખામી સાથે જન્મે ત્યારે તો આ કળા ઉપરાંત કસોટી બની જાય છે. આવી કસોટીમાં હાર માન્યા વગર સફળ થનાર માતાપિતા ખરેખર પ્રશંસાપાત્ર હોય છે.

જે હાર માનવા કદી જ તૈયાર થાય નહિ તે માનવી. આથી તે બીજાં બધાં જીવો કરતાં ઉચ્ચ કક્ષામાં આવે છે. જ્યાં સુધી માનવી વિકાસનાં પંથે આગળ વધતો રહેશે ત્યાં સુધી તેની ઉચ્ચકક્ષા જળવાઈ રહેશે.

- ***અમીતા ધારીયા***

# પાત્ર

પાત્ર કેવું હોય? સોનાનું, ચાંદીનું, જરમનસીલ્વરનું, કાંસાનું, પિત્તળનું, ત્રાંબાનું, સ્ટીલનું, લોઢાનું કે માટીનું? સોના ચાંદીનું પાત્ર તો બધાંને પોષાય નહી, પોષાતું હોય તો પણ તેની કિંમત જોતા, ચોરાવાનો ભય, યા તમારી લાઈફનો પણ ભય? ત્રાંબામાં પાણી રાખી શકો. બીજા કોઈ પદાર્થ રાખતાં કાટ ચડે એવી રીતે પિત્તળનું પણ આવું છે. કલાઈ વિનાના પાત્રમાં કાટ જરુરથી લાગે. એજ રીતે કાંસાનું અને જરમનસીલ્વરનું પણ એવું જ છે. કાટ જરુરથી લાગે છે. માટીનું પાત્ર, માટીના લેપ પછી જ ચૂલે ચડાવાય. પહેલાંનો જમાનો માટીના પાત્રમાં દાળ, કુલ્લડમાં ચાહ, દૂધ, દહીં માટે વાપરી શકાય અને વાપરીને ફેંકી દેવાય, પરંતુ અત્યારે તો એની કિંમતમાં વધારો થયેલો છે. 'ફીરની'કે મિસ્ટી દોહી માટે વાપરીને ફેંકવાનું કિંમતના હિસાબે પોષાતું કમ હોય છે. લોખંડના પાત્રને ફક્ત વઘારીયા તરીકે તળવા માટે યા સાણસી તાવેથાના રૂપમાં વપરાય બાકી તો તેમાં પણ કાટ ચડે જ ચડે?

એક ભજન આવે છે. 'સોનાનેક્યાંથી લાગે કાટ'...એટલે અત્યારે તો સ્ટીલનું પાત્ર, રીફાઈન્ડ, પણ એજ જમાનાની તાસીરને અનુરૂપ છે. આ તો રોજ બરોજના ઉપયોગમાં લેવાતા પાત્રની તાસીર, પરંતુ પાત્ર એ પાત્ર જ છે. પછી એ જીવનસાથીનું પાત્ર પણ હોય અને એ પાત્રને પણ કંઈક ઓળખ છે. હોવી જરુરી છે. શરૂમાં નાની ઉંમરે શોધાયેલા પાત્ર સુંદર સીલેકશનથી મળે છે. ક્યારેક એમાં ભૂલથાપ ખાઈ જવાય છે. આ તો જીંદગીની શરૂની વાત થઈ, પરંતુ સરળ વહી જતાં જીવનમાં ક્યારેક 'બીછડે સભી બારી બારી.' એટલે એકાદ જણ પ્રભુને પ્યારા થતાં ખંડિત જોડાં વિધુર અથવા વિધવા બને છે. વિધવા બેનો તો યેન કેન પ્રકારેણ પોતાનું વિધવા જીવન વ્યતિત કરે છે. તેમને સેવા હોય, રસોઈ હોય ઠાકોરજીની, ટી.વી.નું માધ્યમ, સત્સંગ તથા નાટક, સીનેમા અને ગાર્ડનની લટાર વગેરેમાં સમયની ફાળવણી કરે છે. પરંતુ વિધુર બિચારા કહેવાય. વિધુરે એક ખાસીયત રાખવી જોઈએ અને એ કળા છે. દીકરા વહુને ખુશ કરવાની વહુઓને જોઈતું કરતું લાવી આપો. ચાલશે, ફાવશે અને દોડશેની નીતી અપનાવો. હું પણુ બાજુ પર મૂકો. હું સસરો છું. બાપ છું. મને કાંદા લસણવાળુ ખાવાનું ભાવશે, નહિ ભાવે, છોડી દો, વળી ખાવાનું પણ ચલાવી લો. વહુ દિકરા હોટેલમાં જાય તો તમે એડજેસ્ટ કરી લો. મુંબઈમાં રહો છો ભેળ, સેંડવીચ, દૂધ રોટલી એને અપનાવી લો, અને જીભમાં મિઠાશ ઘોળી દો. વહુ દીકરાઓને હેલ્પ કરો, લાવી મૂકી આપો આ તો જીવન સાથી વિનાની વિધુરતાની નીરવતા નીવારવાનો એક પ્રેમાળ રસ્તો. ટી.વી. જુઓ. બાળકોની સાથે ગેલ ગપાટા મારો. હવે આ પછી આવે છે. સેવાનો રસ્તો. ઘણાં વર્ષો પહેલાં અમે 'આશાદાન' સંસ્થામાં અન્નદાન માટે ગયા હતા, ત્યાં એક સારા સુખી સંપન્ન ઘરના આધેડ ઉંમરના ભાઈ સેવા આપવા આવતા હતા. આશાદાનના બાળકોને જમાડવાની સેવા તેમણે લીધી હતી. બધાં બાળકોને યથા યોગ્ય પીરસાય, જમાડે ત્યાંના કાર્ય કર્તા પછી એ ભાઈ બપોરે એક વાગે ઘરે જતા. આવી જ રીતે એક શકુન્તલા સ્કુલના ટીચર પણ હોસ્પીટલમાં સેવા આપવા જતા હતા. દરેક બેડ પર જાય દિલસોજી દર્શાવી દવા, ફ્રુટ વગેરે લાવી આપતા તેમને બધા 'બા'ના નામે ઓળખે. આ બીજો રસ્તો સેવાનો છે. આઠ દશ જણનું ગ્રુપ કરીને પણ આ કામ કરી શકો છો. કોઈની ગાડી હોય તો પણ ઉપયોગમાં લેવાય તો કોઈના પૈસા, અગર ફંડ ભેગું કરીને હેલ્પફુલ થવાય, જો કોઈ ભાઈ ભણેલા હોય તો ઘરમાં બેસી મ્યુનીસીપાલીટીની સ્કુલના બાળકોને ભણાવવામાં

હેલ્પ કરી શકો. સાંજ પડે ગાર્ડનની ટહેલ કરીને પાછા આવો થોડું મુખથી જાપ મનોમન કરતાં રહો. આ બધી પ્રવૃત્તિમય જીવનથી મિત્રતાની હુંફ પણ મળે અને રાત પડે મીઠી નિંદર આવે.

આમાં કોઈ કંપેનિયનની જરુરત મને જણાતી જ નથી. વળી આ કારણસર બાળકોના જીવનમાં પણ વિમાસણ ઉભી થતી હોય છે. વળી કંપેનિયન લાવનાર વિધુરની ઉંમરની લગોલગ યા આગળપાછળ હોય તો તેમની સેવા , હાથ પકડવો પડે તે કામકાજે અસમર્થ હોય તો આપણને એને હેલ્પ કરતાં રહેવું પડે, અને નાની ઉંમરની કંપેનિયન હોય તો અબરખા પૂરા કરો, તેને ઝમાનાના રંગે રંગાઈ ઉંચી ઉડાણ ભરવી હોય, પૈસાનું પ્રલોભન તો હોય જ છે. એના સ્વભાવને અનુરૂપ થતાં વિધુરને પોતાના જીવનની માનસિક શાંતિ છીનવાતી લાગશે. હવે આવે છે પાત્રની યથાર્થતા, બિમારી ભોગવીને ગયેલી પત્નીથી છૂટેલા ભૂખ્યા વરૂ જેવા પુરુષ વિધુરો કહેવાતી નીચલી કોમની જુવાન નારી પાછળ દીવાના થઈ તેને સાથી સંગી બનાવે છે. વૈશ્નવ માતાપિતાના નબીરાઓને કોઈ જ ન મળે તો(ભાઈ) નીચલી કોમની નારીઓ, કાછીયણો વગેરને સંગી બનાવે છે. તથા દારૂની છોળો ઉડાવે છે. બાલાસીનોરની શેરીઓમાં દારૂની જ્યાફત જામે છે. એ નજરે જોનારાઓનો ચિતાર છે. કંપેનિયન માટેની શી વ્યાખ્યા કરે છે. વિધુરો ? આવા પાત્રને કયા ધાતુ પાત્ર સાથે સરખાવશો ? શું સેવા કરવામાં પૈસા ખર્ચાય એનાથી ડબ્બલ ખરચા કરાતા હોય છે. સંગી બની આવનારીનો વર કયાં તો માંદલો હોય, દારૂડિયો હોય, છોડીને અહીં આવીને રહે છે. આ તો સમાજનું ચિત્રણ છે. જરુર પડે તો સુયોગ્ય પાત્ર શોધી શકો છો. અને તે પણ ઘરનાની શાંતિ ભંગ થયા વિના રજામંદીથી બાકી તો પોતાની માના મરણ પછી તેની જગા લેનાર પાત્ર ને ક્યા બાળકો મનથી અપનાવશે ? પહેલાં તો વિધુર લોકો દાહોદ બારિયાની કન્યા પરણી લાવતાં. પાત્ર સુયોગ્ય લાવો જરુર લાગે તો બાકીતો સેવાના ઘણા રસ્તા છે. મિત્રનો સહયોગ, ગાર્ડનની લટાર, ટી.વી.નું માધ્યમ, સત્સંગ તથા સેવા પાછળની ઉંમરે ગાંધીબાપુએ તો કસ્તુરબાને 'બા' બનાવ્યા હતા. દેશની હોસ્પીટલમાં, મંદિરમા બધે જ સારા પ્રામાણિક માણસોની સેવાની જરુરત છે. બાલાસીનોરની પ્રગતિ માટે, ટ્રેન માટે, સારા સહયોગી બની શકે. વિધુરતાની વિમાસણ દૂર કરી શકે. દેશની હોસ્પીટલ સંભાળતા બેઠેલા વિધુર પ્રમુખ એકસ, વાય, ઝેડ...જોઈને મન હરખાયું બાલાસિનોરના પુષ્ટિમાર્ગી વૈષ્ણવોથઈને ગમેતે વરણની સંગી વિધુરો લાવે તો બાળકોને શું સંસ્કારનો વારસો આપી શકશે. આજ કાલ તો છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. તથા આજ કાલ ના અમેરિકામાંથી પરણેલા છોકરાઓ અહીં ઈંડીયા પરણવા આવે છે ને છોકરીઓ ફસાય છે. ત્યાં જઈને આ બધાં સંસ્કારોનું પ્રદર્શન છતું થઈ રહ્યું છે. વિધુરો પાત્ર લાવે તો પણ સમાજને શોભે તેવું લાવો. લુહાણા, મોઢ વાણીયા, કપોળ, ત્યકતા, યા આશ્રમમાંથી લાવો. ઠાકરડા, કાછિયા, ભોઈ કે નીચલી વરણની બૈરીઓ લાવતા તમારા સંસ્કારોનું પ્રદર્શન છતુ થાય છે. કંપેનિયન તરીકે નાની ઉંમરના વિધુર હોય તો સારા ઘરની બહેનોનો હાથ પકડો. આપણાં બાલાસિનોરવાસી ઓમાં કંપેનિયન તરીકે સારા ઘરની બેનો આવી છે જે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે. આતો બાલાસિનોરના સમાજનો સમસમતો ચિતાર છે. બાલાસીનોર રહેવાનું અને વિધુર ભાઈઓનો આગવો ચિતાર અપાઈ ગયો એ પુષ્ટિમાર્ગી માતા પિતાનું વગોવણું અને તેમના બાળકો માટે શરમજનક વાત બની રહે છે. પાત્ર કેવું હોય ? કેવું લાવશો ? અગર વિધુરતા નિવારવાની શક્યતા ઉભી થાયતો ? અને દારૂની મિજલસ માણશો ? પ્રભુ સર્વેને સદ્ બુદ્ધિ આપે એજ અભ્યર્થના.

-ઉષા શેલેષ ધારિયા

# કોણ શું કહે છે ?

૧. **સાગર** - મારી જેમ સારા ખરાબ તત્વોને તમારામાં સમાવતા શીખો.
૨. **ફૂલ** - મારી જેમ જાત ઘસી અત્તર ના પ્રતીક રૂપે બીજાના જીવનને મહેંકાવી દો.
૩. **ફુગ્ગો** - ફૂલતા જશો તો ફુટી જશો.
૪. **કબૂતર** - મનને હમેશાં શાંત રાખો.
૫. **સુર્ય** - અતિ ઉગ્ર બનશો તો કોઈ સામુ પણ નહીં જુએ. પણ તમારી શક્તિથી બીજાના જીવનમાં પ્રકાશ ફેલાવો.
૬. **મધ** - જીવનને મધુર બનાવો, હંમેશા મીઠુ બોલો.
૭. **અરિસો** - જેવા હશો તેવા દેખાશો.
૮. **ઝાડ** - મારી જેમ છાંયડો સર્વેને આપતા રહો.
૯. **સાણસી** - ઢીલ મૂકશો તો શિકાર છટકી જશે.
૧૦.**પરપોટો** - જગતમાં જે જ્યારે માથુ ઉચું કરે છે ત્યારે તે તૂટી પડે છે.
૧૧.**તારા** - અંધકારમાં આશાનો પ્રકાશ ગુમાવશો નહિ.
૧૨.**ઘડિયાળ** - સમય ચુકશો તો કિંમત ઘટી જશે.
૧૩.**પતંગ** - કપાતા પહેલાં મનભરીને વિહરવાની મજા લો.
૧૪.**તાળુચાવી** - પતિપત્ની એકબીજા વગર અધુરાં છે. જેવી રીતે અમે.
૧૫.**કરોળિયો** - પ્રયત્ન કરતા રહો, સફળતા જરૂર મળશે

***સંકલન - અમીતા અજીતકુમાર પરીખ***

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન ભાવેશ મોદીને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

***- મંત્રી- શીરીષ પરીખ : તંત્રી નીખીલ પરીખ***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## દાતાઓનો આભાર

શ્રી વીનોદભાઈ જેઠાલાલ દેસાઈ તરફથી પુત્રી ઋજુતાના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- તેમજ શ્રી સચીન પ્રવીણચંદ્ર પરીખ (રોકડીઆ) તરફથી પુત્રી ખુશ્બુના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- નું જનતા ફી સહાય યોજનામાં કાયમી સ્વરૂપનાં ધોરણે ન્યાસફંડમાં ઉમેરો થયેલ છે.

સંસ્થા દાતાઓ તથા તેમના કુટુબીજનોનો હાર્દિક આભાર માને છે.

***- મંત્રી શીરીષ પરીખ***

**ITS** TIME TO THINK FOR OURSELVES

**ITS** TIME TO REVIVE OUR PAST IN BALASINOR

**ITS** TIME TO PRESERVE OUR HERITAGE AND PASS ON TO NEXT GENERATIONS

This is in reference to our article as an editorial in January 2008 issue of "Jyotipunj"

I was anticipating some sort of response or opinions from our community, but very much disappointed. We have highlighted in the article that it is an utmost need for every one of us in DASA NIMA VANIK (Bania) community to put a thought on this very important issue. We all are feeling a pinch of high cost of living, lack of living space and crowded/congested living IN THE CITIES and disintergration of our family and family values. We as a Bania community living away from Balasionr FOR A LONG TIME still feel proud of being a Balasinorian and love and affection we all have for our native town of Balasinor, no matter where we have settled, it may be in Mumbai, USA, Australia, UK or any part of the world.

In every issue of Jyotipunj, I read with interest that our Bania community donates lacs of rupees for the welfare of people living in Blaslasinor but it is sad to note that we have totally neglected our needs in Balasinor of our own people living out side of Balasinor. Individually and collectively some have built monuments in and around Balasinor that will be of no use to us or to our future generations if we do not bring them visiting Balasinor. We have not done anything in Balasinor which can attract our younger generation to go to Balasinor for holidays. We have beautiful and large houses with all the facilities one can think of, good infrastructure. (it requires little bit of polishing up). In my opinion what is lacking in our town is some sort of amenities like entertainments, sports and games, recreational facilities, libraries etc. where people can spend their spare time while they are holidaying in Balasinor. We have resources, we have creativity, we have expertise and more so we have ability to do this.

We can accommodate some of these activities initially at some of the

places available to us, like Vadi, Lions club, Kantilal Parikh Park, our schools and college grounds ect.

With this kind of amenities provided to the younger generation, I am sure it will attract them to spend their holidays in their native place of Balasinor in a great luxury at a minimal cost. Location of our town is very unique. It is surrounded by hills, fresh air, and very healthy environment. One can spend few days/weeks in Balasinor and get away from very stressful, crowded and polluted atmosphere of cities and get some peace with pleasure. Besides this will bring our own community together

Many NRIs like us are spending more and more times of their retirements in India. They do not want to stay in big coties. They stay at places where they have or have built their basic facilities and living peacefully whatever time they spend in India.

I have few thoughts in my mind. However I have lived out side of India for a long time, I need help from some of the local members of our community for implementation and guidance. Let us form a committee comprising of both the sexes, young and seniors. Let us call a meeting of the entire community and have a brain storming and get views, ideas and opinions from them and find out what are their general requirements, what can be done and how best we can work to achieve this goal. We can then plan accordingly.

I have one to one basis discussions on this issue with many of our community members. In principle they do agree to my way of thinking. However some one has to take a lead and try it out.

I hope this article may inspire some of our community workers to think on this and take to the masses before it is too late and our next generation miss out completely on their heritage.

***Harshad Desai***
***(Sydney, Australia)***

# મન ની વાણી -૧

આ લૌકિક જગત તો બાવળનું ઝાડ છે.
જયાં સુધી એને વળગીને રહેશો,
(નાના પ્રકારના અનેક દુઃખો ના)
કાંટા વાગતા જ રહેવાના.
થોડો પણ સમય કાઢી પ્રભુનું સ્મરણ
કરશો તો વટવૃક્ષની શીતલ છાયાનો
અનુભવ થશે. અને મન ને સંપૂર્ણ શાંતિ મળશે.

***-બ્રીજશરણદાસ ગાંધી - (કાનપુર)***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૯૨ પેજ એક ડઝનના રૂા. ૯૦/-   જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૮.૬.૦૮ રવિવારથી ચાલુ કરવામાં આવશે.**

## શહેર વિભાગ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**સમય** : સોમવાર થી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૦૦

## પરા વિભાગ :

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) દેસાઈ હિમાંશુ હરીશભાઈ : ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી.રોડ, અંધેરી (વેસ્ટ),
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી - શીરીષ પરીખ, સંયોજક : જીતેન્દ્ર પારેખ***

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૬.૨૦૦૮ થી ૧૫.૬.૨૦૦૮** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૫.૬.૨૦૦૮ ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

***સમય :*** ૧૦ થી ૧ જુના અરજીપત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી - શીરીષ પરીખ, સંયોજક : જીતેન્દ્ર પારેખ***

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ અને શ્રી.વી.ડી.એન.એમ.મેડીકલ ટ્રસ્ટ

### વાર્ષિક સામાન્ય સભા અને સન્માન સમારંભ

ઉપરોક્ત બંન્ને સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૧ મી સપ્ટેમ્બર ૨૦૦૮ના સવારે કે.સી.કોલેજ ઓડીટોરીયમ, ચર્ચગેટ, મુંબઈ -૨૦ ખાતે રાખવામાં આવેલી છે. જે દાતાઓએ રૂપિયા એક લાખથી વધુ રકમનું દાન આપવાનું વચન આપેલું છે. તેઓનો સન્માન સમારંભ વાર્ષિક સામાન્ય સભા પહેલા રાખવામાં આવેલો છે.

### કાર્યાલયનાં નામકરણ બાબત

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત બાલાસિનોર મેડીકલ સેંટરનાં કાર્યાલયના નામકરણ માટેનો એક કાર્યક્રમ તા. ૪-૫-૨૦૦૮ નાં રવિવારે સવારે ટ્રસ્ટની ચોપાટી ખાતે આવેલી ઓફિસમાં યોજવામાં આવેલો હતો. શ્રી નગીનદાસ લાલચંદ પારેખે રૂા. ૨૭ લાખનું માતબર દાન આપવાનું વચન આપેલું છે જે મુજબ સેન્ટરનું કાર્યાલય હવેથી 'શ્રી નગીનદાસ લાલચંદ પારેખ કાર્યાલય' તરીકે ઓળખાશે.

આ પ્રસંગે આપણી જ્ઞાતિનાં પ્રતિષ્ઠિત અને નામાંકિત અગ્રણી EYe Surgeon ડો. કીરીટ મોદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નગીનદાસનાં ફોટાનું અનાવરણ સંસ્થાના કાર્યાલયમાં મંગલાચરણ ગાઈને ડો. કીરીટ મોદીનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રસંગને અનુરુપ મુખ્ય દાતા શ્રી નગીનદાસ લાલચંદ પારેખને ડો. કીરીટ મોદીએ શાલ અર્પણ કરીને અભિવાદન કર્યું હતું. તથા ડો. કીરીટ મોદી અને શ્રી સુરેન્દ્ર પરીખનું અભિવાદન સંસ્થાનાં હોદ્દેદારોએ કર્યું હતું.

મંચ ઉપર સંસ્થાના પ્રમુખ શ્રી વસંત શાંતિલાલ પરીખ, ઉપપ્રમુખ શ્રી જતિન દેસાઈ, ગવર્નીંગ કાઉન્સીલના કન્વીનર શ્રી રસિકભાઈ લાકડાવાળા, બંન્ને માનદ્ મંત્રીઓ, દાતા તથા મુખ્ય મહેમાન સાથે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વસંત પરીખે હાજર રહેલાં સભ્યો અને મહેમાનોને આવકારી સ્વાગત કર્યું હતું. દાતા અને મુખ્ય મહેમાનનો પરિચય શ્રી જતીન દેસાઈ, શ્રી લાકડાવાળા અને સંસ્થાના સુપ્રીન્ટેન્ડન્ટ ડો. અક્ષય સેવકે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી પંકજ ધારિયાએ તથા આભાર વિધિ મંત્રી શ્રી દક્ષેશ કડકિયાએ કરી હતી.

આવનાર સભ્યો અને મહેમાનોને અલ્પાહારમાં મસાલાવાળું દૂધ અને કાજુપૂરીનાં પેકેટ આપવામાં આવેલા.

સંસ્થા દાતા શ્રી નગીનદાસ લાલચંદ પારેખ, મુખ્ય મહેમાન ડો. કીરીટ મોદી, બહોળી સંખ્યામાં હાજર રહેલાં સભ્યો, આમંત્રિત મહેમાનો, ડોકટરો તથા કાર્યક્રમનું સુંદર આયોજન કરવા પ્રાર્થના હોલની સુવિધા આપવા બદલ બ્રહ્મપિતા પ્રજાકુમારી વિશ્વ વિદ્યાલયનો આભાર વ્યક્ત કરે છે.

❒ *પંકજ ધારિયા અને દક્ષેશ કડકિયા (માનદ્મંત્રીઓ)*

## ચક્ષુદાન મહાદાન

**મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને દૃષ્ટિ આપી શકે છે.**

**આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં, સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯**

**ખાસ નોંધ : જે વ્યકિતનું મૃત્યબાદ ચક્ષુદાન થયેલ હશે તેઓનું નામ ફોટા સહિત પ્રકિર્ણ વિભાગમાં વિનામૂલ્યે છાપવામાં આવશે.**

# શૈક્ષણિક સહાય અંગેના અરજી પત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃતિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (વર્ષ ૨૦૦૮-૦૯ઃ શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧૭-૬-૨૦૦૮ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રકો મેળવી લેવા અને તા. ૨૦ જુલાઈ ૨૦૦૮ પહેલા સંપૂર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષની ફી ભર્યાની રસીદની Xerox તેમ જ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. ( અધૂરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ)

શૈક્ષણિક સહાય અંગેના અરજી પત્રક મેળવવાનું તેમ જ સંપૂર્ણ વિગત સાથે પાછા આપવાનું સ્થળઃ

શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા)

VIBGYOR (INDIA) Company 75, Nagdevi Cross Lane, 1st Floor, Mumbai 400003

સમય બપોરના ૧-૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી

અરજીપત્રક મેળવ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં અને ફી સહાય સમિતિની મંજૂરીને આધીન તા. ૧૫-૮-૦૮ બાદ શૈક્ષણિક સહાયના ચેક આપવામાં આવશે.

પારિતોષિક યોજના :

શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ના અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ-એપ્રિલ-મે ૨૦૦૮ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉર્તીણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ વિભાગોમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી મંડળ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ) ની Xerox મંડળની કારોબારીના સભ્યોને તા. ૨૦-૮-૦૮ પહેલાં મોકલાવી આપવા વિનંતિ.

નોધઃ આ યોજના S.S.C. (Class x) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે.

ઉપયુક્ત બંને પ્રવૃતિ અંગેની વધુ માહિતી જાણકારી માટે નીચે જણાવેલ મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

અસીત રમેશચંદ્ર દેસાઈ - ૨૩૮૬૯૮૨૧/ ૯૮૨૦૧૫૭૩૩૫

કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - ૨૩૬૮૦૧૬૭ /૯૮૨૧૦૩૭૬૪૭

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***
***- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***- માનદ્ મંત્રીઓ.***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સમાજની ઓફિસમાં 'શ્રીમતિ સુભદ્રાબેન નવીનચંદ્રશાહ (કલકત્તાવાળા) મીટીંગ હોલના નામકરણ પ્રસંગે

શ્રી બાલસિનોર પ્રગતિ સમાજની ઓફિસ જે બાબુગેનુ રોડ કાલબાદેવી ખાતે આવેલ છે. તેના મીટીંગ હોલ માટે શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)ના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫,૦૦,૦૦૦(અંકે રૂા. પચીસ લાખ)ના દાનનું વચન મળ્યું છે અને તેમની ઈચ્છા મુજબ સમાજના મીટીંગહોલને તેમના સ્વર્ગસ્થ પત્નીનું નામ આપવાનું નક્કી થયું હતું. આ મીટીંગ હોલનું વિધિવત ઉદ્‌ઘાટન નામકરણ, તેમના ફોટાનું અનાવરણ તથા તેમની નામની તકતીનું અનાવરણ તા. ૨-૪-૦૮ના બુધવારે ફાગણવદ ૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનમાં સાંજના ૬ વાગ્યાનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. વડીલો, કાર્યકર્તાઓ, મિત્રોથી હોલ ભરાઈ ગયો હતો. અને ૬.૩૦ કલાકે પરમપૂજ્ય ૧૦૮ શ્રી ગોસ્વામી નિકુંજલતાબેટીજી મહોદયાની પધરામણી થઈ. પ્રમુખ શ્રી યોગેશ ધારિયા, નવીનચંદ્ર શાહ અને અન્ય હોદેદારોએ તેમનું સ્વાગત કરી દીપ પ્રગટાવવા વિનંતી કરી હતી. દીપ પ્રગટાવવામાં પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારિયા, શ્રી નવીનચંદ્ર શાહ, સમાજના અગ્રણી દાનવીર શ્રી રસિકભાઈ કાપડિયા અને શ્રી નગીનદાસ પારેખે સાથ આપ્યો હતો. દીપ પ્રગટાવ્યા પછી તેમણે રીબીન કાપી ઉદ્‌ઘાટન સમારોહની શરૂઆત કરી હતી.

સમારંભની શરૂઆતમાં મંત્રી શ્રી ભદ્રેશ ધારિયાએ સ્વાગત પ્રવચનમાં સૌનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ અગ્રણી કાર્યકર્તા શ્રી નવનીતભાઈ ધારિયા (માટલી)એ સમાજનો ઈતિહાસ અને વિવિધ પ્રવૃતિઓનો અહેવાલ આપ્યો હતો. ત્યાર બાદ તેમણે દાતાશ્રી નવીનચંદ્ર શાહનો પણ પરિચય આપ્યો હતો. ખજાનચી શ્રી નિમિષભાઈ કડકીયા (મલમ)એ પુષ્પગુચ્છ અને ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ ધારિયાએ શાલ ઓઢાડી શ્રી નવીનચંદ્ર શાહનું બહુમાન કર્યું હતું. ત્યાર બાદ શ્રી નવીનચંદ્ર શાહે તેમના પ્રવચનમાં પોતાના જીવન અને પ્રવૃતિ બાબતની માહિતી આપી હતી. અને ભવિષ્યમાં જરૂરિયાતમંદોને સહાય કરવા તૈયારી બતાવી હતી. ત્યાર બાદ શ્રીમતિ સુરેખાબેન કડકિયાએ પરમપૂજ્ય ભગવદીય ૧૦૮ શ્રી ગોસ્વામી નિકુંજલતાબેટી મહોદયાનો પરિચય આપ્યો હતો. પરમ પૂજ્ય જીજીનું મંત્રી શ્રી નીતીન ગાંધીએ ફૂલની માળાથી અને પ્રમુખ શ્રી યોગેશ ધારિયાએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. પરમપૂજય જીજીએ સર્વેને આશિષવચન આપ્યા હતા. અને સમાજની પ્રવૃત્તિ અને બાવાસિનોરના ઈતિહાસને વાગોળ્યો હતો. તેમને પ્રથમ જે શાલ ઓઢાડવામાં આવી હતી તેની ઉછાંમણીમાં બાલાસિનોરવાસીઓએ જે ઉત્સાહ દર્શાવ્યો હતો તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સમાજને સારી પ્રવૃત્તિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને ખૂબજ સુંદર અને મૃદુભાષામાં આશીર્વાદ આપ્યા હતા.

ત્યાર બાદ પ્રમુખ શ્રી યોગેશ ધારિયાએ તેમના સંબોધનમાં સમાજના આવા વિરલ દાતાઓને બિરદાવ્યા હતા. તેમને સમાજના જરૂરિયાતવર્ગને વધુ આર્થિક રાહત આપી શકાય એ માટે જે નવી યોજનાઓ (રૂા. ૨૫,૦૦,૦૦૦ મીટીંગહોલના નામકરણ માટે રૂા, ૧૫,૦૦,૦૦૦ કાર્યાલયના નામ કરણ માટે

રૂા.૧૨,૫૦,૦૦૦ આર્થિક સહાય યોજનાને નામ આપવા માટેનો ઉલ્લેખ કર્યો હતો. આ યોજનાઓ પૈકી મિટિંગહોલના નામકરણ માટે શ્રી નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા)ના ઉમદા સહકાર બદલ આભાર માન્યો હતો. જૂની બે યોજના ઓ (રહેઠાણની જગ્યાની લોનના વ્યાજમાં રાહત અને ધંધાના વિકાસમાટેની લોનના વ્યાજમાં રાહત માટે) પૈકી પ્રથમ યોજના ના નામ માટે શ્રીમતી શાન્તાબેન મોહનલાલ શાહ (ચકવા)ના ઉમદા સહકાર બદલ તેમનો પણ આભાર માન્યો હતો. દાનની ગંગા હજી પણ બાલાસિનોરમાં વહે છે તેનો પ્રત્યક્ષ અનુભવ સૌ હાજર રહેલાને થયો. શ્રી કીરીટભાઈ ભીખાલાલ કડકીયાએ (ફાડિયા) પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારિયાની વિવિધ યોજનાઓમાં સહકાર આપવા રૂા. ૧૧,૦૦,૦૦૦ લાખનું દાન આપવાની જાહેરાત કરી હતી. તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન કિરીટભાઈ કડકિયા (ફાડિયા)ની સ્મૃતિમાં ધંધાકીય લોન લેનારને વ્યાજમાં રાહત યોજનાને નામ આપવાની જાહેરાત પ્રમુખશ્રીએ કરી હતી.

આપણા બાળકોને ધર્મનુ જ્ઞાન મંદિરમાં અથવા સંસ્થાઓની ઓફિસમાં ધર્મગુરૂઓ અથવા તેમના વૈષ્ણવ શિષ્યો દ્વારા આપવાની વિનંતી કરી હતી આ માટે પ્રગતિ સમાજની ઓફિસ રવિવારે સવારે ઉપલબ્ધ કરવાની ઈચ્છા પ્રગટ કરી હતી. આજના પ્રસંગે શ્રીજીજીએ અંગ્રેજીમાં પ્રગટ કરેલી પુસ્તિકા 'શ્રી શ્રીનાથજી'જેની મૂળ કિંમત રૂા. ૨૦૦ છે, પ્રમુખશ્રી ની વિનંતી માન્ય રાખીને આજના જ દિવસે જે વૈષ્ણવ બુકીંગ કરાવે તેને ૧૦૦માં આપવાની તત્પરતા બતાવી હતી.

અંતમાં ખજાનચી શ્રીદક્ષેશ કડકિયાએ સૌનો આભાર માન્યો હતો. ત્યાર બાદ હાજર રહેનારાઓને સૂકામેવાનું પેકેટ અને દૂધ આપવામાં આવ્યું હતું.

***મંત્રી-નીતીન ગાંધી - ભદ્રેશ ધારિયા.***

# અમે NRI

દરેક ખુશી છે અહિ NRI લોકો પાસે
પણ હસવા માટે સમય નથી
દિવસ -રાત દોડતી દુનિયા મા
જિદગી માટે પણ સમય નથી
મા ના હાલરડાં નો અહેસાસ છે
પણ મા ની મમતા માટે સમય નથી
બધા સંબંધો તો મરી ગયા જાણે
પણ તેમને દફનાવવાનો સમય નથી
બધા નામ મોબાઈલમાં છે પણ
મિત્રતા માટે સમય નથી
પારકાઓ ની શું વાત કરવી
પોતાના માટે પણ સમય નથી
આંખો માં છે ઊંઘ ઘણીયે
પણ સુવા માટે સમય નથી
દિલ છે ગમો થી ભરેલું
પણ રોવા માટે સમય નથી
પૈસા ની દોડમાં એવા દોડયા
કે થાકવા નો પણ સમય નથી
પારકા અહેસાનો ની શું કદર કરીએ
જ્યાં પોતાના સપના ની જ કદર નથી
તું જ કહે મને એ
શું થશે આ જિંદગી નું
દરેક પળે મરવાવાળા ને
જીવવા માટે પણ સમય નથી

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. સુમીત અજીત પરીખ (ધબેલા)
જીતેન અજીત. પરીખ
ડી/૫૦૨ વસંત આરાધના કો.ઓ.હા.સો.લી.
મહાવીર નગર દહાણુકરવાડી,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭

## નવા ફોન નંબર

જીતેન્દ્ર એમ. દેસાઈ (વીમાવાળા) ✆ : 24783272


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આયોજીત**
**ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત**

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખૂણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર,પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**
વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**
✆ : ૨૪૯૩૩૬૧૮ ● ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪


## તેજસ્વી તારલા

આ વર્ષ લેવાયેલા ICSE પરીક્ષામાં નીચે મુજબના વિદ્યાર્થીઓ સરસ માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સૌ બાળકોને સંસ્થાવતી અભિનંદન અને વધુ અભ્યાસ માટેની શુભકામના (આ લીસ્ટ અમારી જાણ મુજબ છે. વધુ નામો આવકાર્ય છે)

૧) ધ્વનીલ કામીલ પ્રફુલ્લભાઈ શેઠ - ૯૫ ટકા (સ્કુલમાં પ્રથમ)
૨) અતીશ કેતન સતીષભાઈ પરીખ - ૯૪ ટકા
૩) નીલ નિખિલ બાબુલાલ પરીખ - ૯૩ ટકા
૪) નીરીક્ષા અસીત પ્રવીણચંદ્ર પરીખ - ૮૮ ટકા
૫) એશા અનિષ પરીખ (રોકડીઆ) ૯૩.૨ ટકા

સાહિલ અતુલ મોદી (બાલીવાલા) C.A.ની ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| જયંતિલાલ મોંજીલાલ કડકિઆ (બનડા) (ચક્ષુદાન કરેલ છે.) | ૭૫ |
| સાવિત્રીબેન પુનમચંદ મોદી (સારંગી) | ૮૦ |
| દીનકરલાલ રમણલાલ મોદી | ૭૭ |
| દિવ્યેશ પ્રવીણચંદ્ર કડકીઆ | ૫૦ |
| શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા) (ચક્ષુદાન કરેલ છે.) | ૬૩ |

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે.

**ચક્ષુદાન કરેલ છે**



**શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)**
ઉ.વ. ૬૩



પ્રગતિ સમાજની ઓફિસના
નામકરણ પ્રસંગે
દીપ પ્રાગટય કરતા
શ્રી નવીનચંદ્ર શાહ,
શ્રી નગીનભાઈ,
શ્રી રસીકભાઈ તથા
સમાજના પ્રમુખ યોગેશભાઈ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૫૮ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા. ૧-૫-૨૦૦૮

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯.૬.૨૦૦૮ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ૧૧૮/૧૨૦, અરદેસર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## *સભાનું કામકાજ*

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ્ મહેનતાણું નક્કી કરવા.

૬) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૭) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૮) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** (૧) પ્રમુખશ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆનું રાજીનામુ આવવાથી બંધારણ કલમ ૧૫ (૩) મુજબ નવા પ્રમુખશ્રીની ચુંટણી થાય ત્યાં સુધી પ્રમુખશ્રીની ખાલી પડેલ બેઠક માટે ઉપપ્રમુખ, પ્રમુખશ્રી તરીકે તમામ ફરજો બજાવશે. ચુંટાયેલા નવા પ્રમુખની કાર્યવાહક મુદ્દત ૨૦૦૮/૨૦૧૦ (બે વર્ષ) રહેશે.

***મંત્રી - શીરીષ જગમોહનદાસ પરીખ***

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

જૂન - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-

## 'ઉંબરો' ઉપેક્ષા અને ઉપાસના

ઘરની વાત ઉંબરાની બહાર જાય ત્યારે ઘરની ખાનદાની જોખમાય છે અને ઉંબરા બહારની વાતો જ્યારે ઘરમાં પ્રવેશે ત્યારે ઘરનું સુખ ડહોળાઈ જાય છે.

ઉંબરો એટલે ઘરની ખાનદાનીના તટસ્થ જન્માક્ષર. પ્રેમાળ પત્ની ઉંબરે ઉભી ઉભી પતિના આગમનની પ્રતિક્ષા કરતી હોય ત્યારે પતિને ઘરમાં પ્રવેશતી વખતે સ્વર્ગમાં પ્રવેશવા સમાન અલૌક્કિ સુખની અનુભૂતિ થાય છે, દાદીમા જ્યારે ઘરના ઉંબરા પાસે બેસીને બાળકોને વાર્તાઓ કહેતાં હોય ત્યારે એ ઉંબરો અનોખી રંગભૂમિ બની જાય છે. ઉંબરે આપણી સંસ્કૃતિની પાઠશાળા બની જાય છે.


આપણી રોજિંદી જીવનની કેટકેટલી ઘટનાઓ મૂક સાક્ષી તરીકે ઉંબરો છે. ઉંબરો સ્થૂળ રીતે કદમાં નાનો કે મોટો હોઈ શકે. પરંતુ સભ્યતાના પ્રતીક તરીકે તેનું મહત્વ ઓછુ નથી. ઘરના સ્વજનો વચ્ચે ક્યારેક સામાજિક પ્રતિષ્ઠા નંદવાય ત્યારે ઘરની વાતો ઉંબરાની બહાર જવા દેવાય નહિ જે લોકો નાદાન છે તેઓ ઘરની વાત બીજાના ઉંબરે જઈને કરે છે તે લોકો પછી કદીયે ગૌરવથી માથુ ઉંચુ કરી શકતા નથી. બહારની વાત બહાર રાખો અને અંદરની વાતો અંદર રાખો.

દુનિયાનો છેડો ઘર. દુનિયા ભરનો પ્રવાસ કરીને આવેલો માણસ જ્યારે પોતાના ઘરના ઉંબરે પગ મૂકે છે ત્યારે હાશ શબ્દ દ્વારા નિરાંતનો અનુભવ કરે છે. ઘરનો ઉંબરો ત્યારે કેટલો વ્હાલો લાગે છે. ક્યારેક હતાશ થયેલો માણસ પોતાના ઘરનો ઉંબરો ત્યજીને નીકળી પડે છે ત્યારે અનેક જાતની સમસ્યાઓ અને સવાલો તેને ઘેરી વળે છે. માટે ઉંબરાની ઉપેક્ષા નહીં પણ ઉપાસના કરો એમાંજ પરિવારનું કલ્યાણ છે.


- સંકલન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| kids course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER / SOFTWARE ACADEMY**
15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - શીરીષ પરીખ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૫૮ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા. ૧-૫-૨૦૦૮

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯.૬.૨૦૦૮ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ૧૧૮/૧૨૦, અરદેસર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ્ મહેનતાણું નક્કી કરવા.

૬) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૭) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૮) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** (૧) પ્રમુખશ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆનું રાજીનામુ આવવાથી બંધારણ કલમ ૧૫ (૩) મુજબ નવા પ્રમુખશ્રીની ચુંટણી થાય ત્યાં સુધી પ્રમુખશ્રીની ખાલી પડેલ બેઠક માટે ઉપપ્રમુખ, પ્રમુખશ્રી તરીકે તમામ ફરજો બજાવશે. ચુંટાયેલા નવા પ્રમુખની કાર્યવાહક મુદ્દત ૨૦૦૮/૨૦૧૦ (બે વર્ષ) રહેશે.

***મંત્રી - શીરીષ જગમોહનદાસ પરીખ***